વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓના કર્મચારીઓને તા.૦૧/૦૧/૧૯૯૭ પૂર્વે મેળવેલ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ક્રમાંક:અસમ/૧૩૨૦૧૭/૪૯૩૮૯૩/અ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૦/૦૬/૨૦૧૮

વંચાણમાં લીધા :-

(૧) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક:પગર/૧૧૯૪/૪૪/મ, તા.૧૬/૦૮/૧૯૯૪.
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૩/૬૨૩૫૬૦/અ.૧, તા.૨૪/૬/૨૦૧૫.
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૩/૬૨૩૫૬૦/અ.૧, તા.૨૦/૧૧/૨૦૧૫.
(૪) આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: અમશ/૨૦૧૭/૧૦૫૭/ઘ, તા.૨૯/૦૯/૨૦૧૭.
(૫) નિયામકશ્રી (વિ.જાક.)ની દરખાસ્ત ક્રમાક: વિજાક/અમશ/કર્મ.ઉ.પ.ધો./૧૭-૧૮/૧૮૯, તા.૦૮/૧૧/૨૦૧૭.

પ્રસ્તાવના

વંચાણે લીધા ક્રમાંક(૨) હેઠળના તા.૨૪/૬/૨૦૧૫ ના ઠરાવથી વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અનુદાનિત આશ્રમશાળાના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓને પેન્શન તથા નિવૃતિના લાભ આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક(૩) હેઠળના તા.૨૦/૧૧/૨૦૧૫ ના ઠરાવથી વિકસતી જાતિ કર્મચારીઓને નિયમિત પગાર/પેન્શન/નિવૃતિના લાભો આપવા અંગેની માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. અમુક કિસ્સામાં આશ્રમશાળાનું સંચાલન શિક્ષણ વિભાગ હસ્તક હતું, તે દરમ્યાન વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળના નાણા વિભાગના તા.૧૬/૦૮/૧૯૯૪ ના ઠરાવ અન્વયે તા.૦૧/૦૬/૧૯૮૭ થી ઉચ્ચતર પગાર ધોરણ યોજના મંજૂર કરવામાં આવેલ છે. આવા કર્મચારીઓના મંજૂર થયેલ ઉચ્ચતર પગાર ધોરણ બાબતે નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી દ્વારા આ બાબતે સ્પષ્ટતા કરવા વાંધા સહિત કેસો પરત

કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૪) હેઠળના આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૯/૦૯/૨૦૧૭ ઠરાવથી તેઓ હસ્તકની આશ્રમશાળાઓના કર્મચારીઓને તા.૦૧/૦૧/૧૯૯૭ પૂર્વેનો ઉચ્ચતર પગાર ધોરણનો લાભ ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે. નિયામકશ્રી(વિ.જા.ક.)એ વંચાણે લીધેલ ક્રમાંક (૫) હેઠળના તા.૦૮/૧૧/૨૦૧૭ ના પત્રથી, આદિજાતિ વિકાસ વિભાગની માફક વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તકની આશ્રમશાળાઓના કર્મચારીઓને પણ તા.૦૧/૦૧/૧૯૯૭ પૂર્વેનો ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવાની દરખાસ્ત કરવામાં આવેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

## ઠરાવ:-

વંચાણે લીધા ક્રમાંક(૨) હેઠળના ઠરાવથી વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અનુદાનિત આશ્રમશાળાના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓને પગાર ધોરણ, પેન્શન, ગ્રેજ્યુઇટી તથા અન્ય નિવૃતિના લાભ તા.૦૧/૦૧/૧૯૯૭ થી ચુકવવાનું ઠરાવેલ છે. જે કિસ્સાઓમાં આશ્રમશાળાઓનું સંચાલન શિક્ષણ વિભાગ હસ્તક હતું, તે દરમ્યાન વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળના નાણા વિભાગના તા.૧૬/૦૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઇઓ અન્વયે વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અનુદાનિત આશ્રમશાળાના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓને તા.૦૧/૦૬/૧૯૮૭ ની અસરથી ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવામાં આવેલ છે, તેવા કેસોમાં નાણા વિભાગના તા.૧૬/૦૮/૧૯૯૪ ના ઠરાવ મુજબ મંજૂર કરાવેલ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૫/૦૬/૨૦૧૮ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઑડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ગ-શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શાખાના ઠરાવો સાથે ઓનલાઇન પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- ના.સે.અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ